# ભગવાન જગન્નાથજીની રથયાત્રા

ધાર્મિક, રાષ્ટ્રીય અને લોક ઉત્સવોમાં જગન્નાથપુરીની રથયાત્રા મહોત્સવ માત્ર દેશમાં જ નહીં વિશ્વવિખ્યાત અને લોકપ્રિય થઈ ગયો છે. અષાઢ મહિનો એટલે ખરેખર વર્ષાઋતુના આગમનનો અવસર.... અષાઢી બીજથી શરૂ થતાં ઉત્સવો છેક શ્રાવણ માસ સુધી ઉજવાતા જોવા મળશે. અષાઢ સુદ એકમથી ગુપ્ત નવરાત્રિ શરૂ થશે. ત્યાર બાદ અષાઢી બીજ, દેવશયની એકાદશી અને વ્રતની પૂનમ આવશે. મોળાકતનાં વ્રત, જયાપાર્વતીનું વ્રત અને ભગવાનના હિંડોળા તથા ગુરુપૂર્ણિમા જેવા મોટા તહેવારો અષાઢ મહિનામાં આવે છે.

જગન્નાથપુરીની એક ખૂબ જ જાણીતી કથા છે કે ઈન્દ્રધુમ્ન નામનો રાજા નીલાંચલ સાગર (ઓરિસ્સા) પાસેના નગરમાં રહેતો હતો. એક વાર તેમણે સમુદ્રતટે ખેંચાઈ આવેલું એક વિશાળ લાકડું જોયું અને રાજાએ મનોમન વિચાર્યું કે આ લાકડામાંથી ભગવાન વિષ્ણુની સરસ મજાની મૂર્તિ બનાવડાવીશ અને એ જ સમયે ભગવાન વિશ્વકર્મા વૃદ્ધ કારીગરના સ્વરૂપે ત્યાં આવ્યા અને કહ્યું કે તમારી પસંદગીની મૂર્તિ હું બનાવી આપીશ. વૃદ્ધ છતાં ભગવાનનું કારીગર સ્વરૂપ તેજોમય હતું તેથી રાજાએ તેને મૂર્તિ બનાવવાનું કાર્ય સોંપ્યું પણ કારીગરે એવી શરત મૂકી કે મૂર્તિ હું બનાવું તે દરમ્યાન મારા કક્ષનો દરવાજો ખોલવો નહિ એમ કહી દ્વાર બંધ કરી મૂર્તિ બનાવવા લાગ્યા. ઘણા દિવસો પસાર થયા પછી રાણીને વિચાર આવ્યો કે મૂર્તિ બનાવવાનો અવાજ પણ નથી આવતો અને આટલા દિવસ ખાધા - પીધા વગર કારીગર મૃત્યુ તો નથી પામ્યો ને! તેણે રાજાને કહ્યું અને રાજાએ વાતનું તથ્ય સમજતાં દરવાજા ખોલાવ્યા ત્યારે ભગવાન વિશ્વકર્માનું એ સ્વરૂપ ત્યાંથી અદ્રશ્ય થઈ ગયેલું અને ભગવાન જગન્નાથ, સુભદ્રાજી અને બલરામજીની અધૂરી મૂર્તિ જ મળી આવી. મૂર્તિનાં દૈદીપ્યમાન સ્વરૂપ જોઈને રાજાને ઘણો પસ્તાવો થયો કે દ્વાર ખોલવામાં ઉતાવળ કરી નાંખી. છતાં પણ ભવ્ય મંદિર બનાવી ત્યાં મૂર્તિ સ્થાપવાની તૈયારીઓ કરી. ભવ્યાતિભવ્ય શણગાર



કરી મૂર્તિને પ્રસ્થાપિત કરવા માટે અલગ અલગ ત્રણ રથ બનાવી મૂર્તિ સાથે ધામધૂમથી નગરયાત્રા કરાવી અને મંદિરમાં મૂર્તિ પ્રસ્થાપિત કરાઈ. કહેવાય છે આ રીતે દર વર્ષે આ શુભદિનને યાદ કરીને રથયાત્રાનો પ્રારંભ થયો હતો.

ધર્મરંગ
વ્યોમા સેલર

જગન્નાથપુરીથી શરૂ થયેલી રથયાત્રામાં પહેલો રથ તાલધ્વજ નામે ઓળખાય છે જેમાં બલરામજી પ્રસ્થાપિત હોય છે. બીજા પદ્મધ્વજ નામના રથમાં સુભદ્રા તથા ત્યાર બાદ ગરૂડધ્વજ અથવા નન્દીઘોષ નામના રથમાં ભગવાન જગન્નાથજી બિરાજમાન હોય છે. તાલધ્વજ રથ સૌથી મોટો હોય છે. ૬૫ ફૂટ લાંબો, ૬૫ ફૂટ પહોળો અને ૪૫ ફૂટ ઊંચા આ રથમાં ૭ ફૂટનો વ્યાસ ધરાવતાં ૧૭ પૈંડાં હોય છે. દર વર્ષે આ જગન્નાથજીની ભવ્ય રથયાત્રાના દર્શનાર્થે દેશવિદેશથી લાખો શ્રધ્ધાળુ ઉમટી પડે છે. ૮૦૦ વર્ષના મોગલ સામ્રાજય અને ૨૦૦ વર્ષના બ્રિટિશરાજ દરમ્યાન પણ જગન્નાથપુરીની રથયાત્રા અવિરત ચાલતી આવતી છે.

જગન્નાથપુરીમાં પ્રસાદની વ્યવસ્થા હોય છે જે અદ્‌ભુત હોય છે. રોજ ૧૦,૦૦૦ માણસો માટે બનતાં ભોજન (પ્રસાદ)નો કયારેય બગાડ નથી થતો એટલે કે વધતો નથી અને વધુ ભકતજનો આવી જાય તો પણ કયારેય ઘટતો નથી એ આજ સૌ કોઈ માટે આશ્ચર્ય રહેલું છે. મંદિરનું સ્થાપત્ય એવું છે કે સવાર, બપોર કે સાંજ કયારેય મંદિરનો પડછાયો જોવા નથી મળતો. અહીં મંદિર પરની ધ્વજા રોજ બદલવામાં આવે છે અને રહસ્યમય વાત એવી છે કે જે દિશાનો પવન હોય તેની વિપરીત દિશામાં ફરકતી હોય છે. મંદિરની ઉપર થઈને કોઈ દિવસ કોઈ પક્ષી પસાર નથી થતું અને એટલે જ વિમાન રૂટ એવા નિયત

> વૃદ્ધ છતાં ભગવાનનું કારીગર સ્વરૂપ તેજોમય હતું તેથી રાજાએ તેને મૂર્તિ બનાવવાનું કાર્ય સોંપ્યું પણ કારીગરે એવી શરત મૂકી કે મૂર્તિ હું બનાવું તે દરમ્યાન મારા કક્ષનો દરવાજો ખોલવો નહિ એમ કહી દ્વાર બંધ કરી મૂર્તિ બનાવવા લાગ્યા

કરાયા છે કે મંદિર ઉપરથી વિમાન પસાર ના થાય. અહીં મંદિરથી થોડે દૂર ઘૂઘવાટા કરતો સમુદ્ર છે. મંદિરના દ્વાર પાસે ઊભા હોય તો દરિયાનાં મોજાંનો અવાજ સંભળાય છે પણ એક પગ મંદિરની અંદર મૂકો એટલે અવાજ સંભળાતો બંધ થઈ જાય છે. પગ જરા પણ દ્વારની બહાર કાઢો તો સમુદ્રના ઘૂઘવાટા સંભળાય છે જે પણ એક રહસ્ય વિસ્મયકારક જ રહ્યું છે. ત્યાં રસોડામાં બનતો પ્રસાદ આજે પણ લાકડાના અગ્નિ પર, મોટા ચૂલાઓ પર માટીના વાસણમાં જ પકવવામાં આવે છે. આ પ્રસાદની વિશેષતા એ છે કે એક ઉપર એક એમ સાત માટીના વાસણ ચૂલા પર પકવવા માટે મુકાય છે ત્યારે સૌથી ઉપરના સાતમા વાસણનું ભોજન જલ્દી તૈયાર થાય છે અને ત્યાર બાદ છઠ્ઠા અને પછી પાંચમા, એમ ચૂલા ઉપરના પહેલા વાસણનું ભોજન છેક છેલ્લે રંધાય છે.

# બીબું અને ઘડામણ

લુપ્ત થયેલ નગર તામ્રલિપ્તના ટીંબા પરનું નવસર્જન તે તમલુક નગર, આ નગરનું નામ, તામ્ર એટલે કે તાંબા પરથી પડેલું. જે સારા કારીગર હતા તે તાંબા અને સોના-ચાંદીના સિક્કા બનાવતા, મધ્યમ કક્ષાના કારીગર હતા તે તાંબાનાં વાસણો બનાવતા.

આજે વર્ષો પછી પણ અહીં તાંબાની જણસનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં છે, અમે બાઉલ સાથે બડા બજાર પાસે આવેલ કંસારા બજારમાં ગયા. ત્યારે સુજા નામે એક કંસારાની દુકાને અમને બાઉલ લઈ ગયા.

બાઉલ સુજાનો પરિચય કરાવતા રખાલદાસે અમને કહ્યું કે, ''સતીશ, આ સુજા તાંબાની સુંદર મૂર્તિઓ બનાવે છે! સપ્રમાણ, ઘાટીલી, મૂર્તિઓ ખૂબ જ વેચાય છે.''

અમારી વાત પૂરી થઈ, ત્યાં સુજાની દુકાન આવી ગઈ. ત્યાં અમે દેવી-દેવતાઓની મૂર્તિ જોઈ.

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

અમે સમજી ન શકીએ તે હેતુથી, બાઉલે રાઢી તળપદી બંગાળીમાં કહ્યું, ''સુજા! આ કંઈ ખરીદવાવાળા નથી, મફતના ઘરાક છે! ફક્ત તારી મૂર્તિ અને દુકાન જોવા માટે આવ્યા છે!''

સુજાએ હકારમાં માથું હલાવ્યું. અમે ખરીદનાર નથી, તે જાણ્યા છતાં તેને



કશો વાંધો હોય તેવું તેના વર્તન અને ચહેરા પર ન લાગ્યું. તેણે મારી સામે વીણાવાદિની, કમલાશની, માતા સરસ્વતીની બે મૂર્તિ મૂકી. કહ્યું કે, ''ભાઈ આમાં કઈ મૂર્તિ તમને સારી લાગે છે?''

બંને મૂર્તિઓ સાવ સમાન જેવી લાગતી હતી પણ અમે એક મૂર્તિ તરફ આંગળી ચિંધી હતી.

તે બોલ્યો, ''આ બે મૂર્તિઓ સરખા જેવી લાગે છે પરંતુ તેમની કિંમત વચ્ચે 20 ગણો ફરક છે!'' અમે પૂછ્યું, ''એવું કેવી રીતે?''

તે બોલ્યો, ''આ એક મૂર્તિ 500 ની છે અને બીજી 10,000 ની છે. બંને તાંબાની જ છે છતાં તેની કિંમતમાં ફરક છે.'' અમે કહ્યું, ''શું તેમના વજનમાં ફરક છે? દેખાવ તો સમાન છે!''

તે બોલ્યો, ''તમે જે પસંદ કરી તેવી મૂર્તિ બજારમાં હજારોની સંખ્યામાં મળી જશે. જ્યારે બાજુમાં પડેલી બીજી મૂર્તિ જેવી એક પણ નહીં મળે!'' અમે કહ્યું, ''સુજા! વાત સમજાતી નથી!'' આ બધું સાંભળી, બાઉલ મદદમાં આવ્યો. બાઉલ બોલ્યો, ''સતીશ! મૂર્તિ બે રીતે બને, એક ઢાળો નાખીને, બીજી ઘડીને!''

થોડું રોકાઈને બાઉલ બોલ્યો, ''ઢાળો નાખીને બનાવેલ મૂર્તિ એટલે એક બીબામાં પીગળાવેલ તાંબુ નાખી અને ઢાળી દીધેલી મૂર્તિ! તેમાં બીબામાંથી કાઢ્યા પછી, મૂર્તિમાં થોડું સમારકામ કરી, ફિનિશિંગ કરી, તેને તૈયાર કરાય છે, તેથી તેમાં ઝાઝું કામ કરવાનું રહેતું નથી, ઝડપથી બને છે, સસ્તી પડે છે. ઘડવાની મૂર્તિમાં વાત જુદી હોય છે! તેમાં કારીગર જાતે કામ કરી, ઘડી ઘડીને, મૂર્તિનું સર્જન કરે છે. તેમાં હુન્નર, સૂઝ અને ધીરજ જોઈએ! તે ધીમે ધીમે આકાર પ્રાપ્ત કરે છે, તેથી ખૂબ મહેનતના અંતે, એક જ નંગ બને છે. તેના જેવી બીજી જ મૂર્તિ ન બની શકે! બીબાંઢાળમાં તો

> આ બે મૂર્તિઓ સરખા જેવી લાગે છે પરંતુ તેમની કિંમત વચ્ચે 20 ગણો ફરક છે! આ એક મૂર્તિ 500 ની છે અને બીજી 10 ,000 ની છે. બંને તાંબાની જ છે  છતાં તેની કિંમતમાં ફરક છે

એક સરખી મૂર્તિનો ઢગલો હોય છે!''

બાઉલે વાત પૂરી કરી, ત્યાં સુજાએ બોલવાનું શરૂ કર્યું, ''હા, આપણી સ્કૂલોમાં કોલેજોમાં જેમ ઢાળો ઢાળી અને હજારો બીબાંઢાળ યુવાનો બનાવીએ છીએ તેવું જ!''

પછી બાઉલ સામે આંગળી ચિંધી બોલ્યો, ''આ બાઉલોને જુઓ! તેના ગુરુ, એક એક બાઉલને નોખા નોખા ઘડે છે, ઘડતર કરે છે. બાઉલ બનાવવાનાં બીબાં નથી હોતાં, તેથી તો બાઉલ બીબાંઢાળ નથી હોતા, અને ભાઈ,તેથી જ તેનું મૂલ્ય છે!''

સુજાની સરખામણી સાંભળી બધા હસવા લાગ્યા. મને થયું સુજા કંસારો તાંબા સાથે મનેર માનુષનો ય જાણતલ છે.